
# કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં "SPARK 2026"નું સફળ આયોજન કરાયું

## ટેક્નોલોજી અને સર્જનાત્મકતા દ્વારા વિદ્યાર્થીઓને નવી દિશા







ગાંધીનગર સમાચાર

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના ચેરમેન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા **Shri M. M. Patel Institute of Sciences & Research (M.Sc.IT અને B.Sc CS), S K Patel Institute of Management and Computer Studies (MCA)** દ્વારા સાથે મળીને **"SPARK 2026: Igniting Innovation at the Confluence of Intelligence, Technology, and Creativity"** થીમ આધારિત આ ઈવેન્ટ તા. ૧૭ ૨૦૨૬, ફેબ્રુઆરી, સવારે ૮:૩૦ વાગ્યે, સેક્ટર-૧૫ સ્થિત **Shree Chaitaniya Bhavan ( Mechanical Hall)**, એલડીઆરપી કેમ્પસ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શુભ શરૂઆત **Shri M. M.Patel Institute of Sciences & Research (M.Sc.IT અને B.Sc CS)**ના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. શિવાની એ. ત્રિવેદી, મિ. વિનોદ પિલ્લઈ ચીફ સોલ્યુશન આર્કિટેક્ટ -**Helios Solution, Vadodara** અને મિ. નિખિલ મિતાલીયા **Founder & CEO S-QUBE SYSTEMS, Ahmedabad** અને ફેકલ્ટી કોર્ડિનેટર્સની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સમગ્ર ગુજરાતમાંથી ખૂબ જ ભવ્ય પ્રતિસાદ મળ્યો. કુલ ૫ અલગ અલગ ઈવેંટ્સમાં, ૪૧૪ વિદ્યાર્થીઓ જોડાયા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાગ લેનાર સંસ્થાઓના પ્રિન્સિપાલ અને આગેવાનોનો વિશેષ સહયોગ મળ્યો. જેમાં ડૉ. રૂપેશ વ્યાસ, ડૉ. શિવાની એ. ત્રિવેદી , ડૉ. મોનિકા પટેલ, ડૉ.સેજલ હવેલીવાલા, ડૉ. વિજય ચાવડા અને ડૉ. ભાવેશ કટારીયા સાહેબ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમના મૂલ્યાંકનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિવિધ બેચના પ્રતિભાશાળી એલ્યુમની જ્યુરી સભ્યોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને નિષ્ણાત મૂલ્યાંકન આપવા માટે ૨ સબજેક્ટ એક્સપર્ટ અને ૪ અનુભવી નિર્ણાયકો ઉપસ્થિત રહ્યા હતા. ઈવેન્ટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ પર વિશિષ્ટ સેમિનાર, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ વિષયક પ્રાયોગિક વર્કશોપ, નેટવર્ક ગેમિંગ, લોગો અને ગ્રાફિક્સ ડિઝાઈન અને વેબ ડેવલપમેન્ટ જેવી સ્પર્ધાઓ પણ યોજાઈ હતી.

દરેક ઈવેન્ટમાં વિજેતા અને અન્ય રનર-અપ ટીમોને સર્ટિફિકેટ અને ટ્રોફી ઈનામ તરીકે આપવામાં આવી હતી, જે વિદ્યાર્થીઓમાં નવીનતા અને ટેક્નોલોજી પ્રત્યે ઉત્સાહ વધારવાનું કાર્ય કરે છે.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરના ચેરમેન તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ "કર ભલા હોગા ભલા" અને "શિક્ષણ એ જ સાચી પ્રભુ સેવા" જેવા સૂત્રોને સાર્થક કરી સતત આવા નવીન કાર્યક્રમો દ્વારા શિક્ષણ જગત અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.

ગાંધીનગર સમાચાર Date: 21/02/2026